કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાની કામગીરી/આયોજન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓને સોંપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ:-૦૯-૧૨-૧૫

વંચાણે લીધા:૧.સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા. ૩૦-૦૯-૦૬

૨. સા.વ.વિ.ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક,તા.૦૧-૦૩-૧૪

૩. સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૧-ક, તા.૦૭-૧૧-૧૫

આમુખ :

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ ના જાહેરનામાથી બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે કમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષાના નિયમો ઘડવામાં આવેલ છે. આ તાલીમ અને પરીક્ષા નિયમો અન્વયે તાલીમ અને પરીક્ષા કેન્દ્રોનો વ્યાપ વધારવાના હેતુથી સમયાંતરે તાલીમ અને પરીક્ષા નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે.

પ્રવર્તમાન સ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ ના પરિપત્રથી, કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા લેવાની કામગીરી સોંપવામાં આવી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા સદર પરીક્ષાની કામગીરીનું આયોજન નિયમિત રીતે કરવામાં આવી રહ્યું છે. પરંતુ સીસીસીની પરીક્ષાની કામગીરી હાલ માત્ર આ એક જ સંસ્થા દ્વારા થઇ રહી છે અને પરીક્ષા આપનાર ઉમેદવારોની સંખ્યા મોટા પ્રમાણમાં રહે છે. સાથે સાથે પરીક્ષામાં અનુત્તિર્ણ રહેનારા ઉમેદવારો પણ રીપીટર તરીકે પુનઃ પરીક્ષા આપે છે. પરિણામે સીસીસીની પરીક્ષા આપનાર ઉમેદવારોની સંખ્યા વધતી જાય છે. આથી જીટીયુ પર સીસીસીની પરીક્ષા સંદર્ભે ભારણ વધુ રહે છે. વર્તમાનમાં બાકી પરીક્ષાર્થીઓના મોટા બેકલોગને ઘટાડવાના હેતુથી તથા પરીક્ષા આપવામાં ઉમેદવારોને સરળતા રહે તે માટે, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓ મારફત પણ કમ્પ્યુટર કૌશલ્ય સંબંધિત સીસીસી પરીક્ષા લેવાની/પરીક્ષા કેન્દ્રો

તરીકે માન્યતા આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. સક્રિય વિચારણાના અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

ઠરાવ :-

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગમાં રહેલ કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ/નિયમિત નિમણૂંક માટે આપવાની થતી કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાના આયોજન અંગેની કામગીરી સા.વ.વિ. ના તા. ૦૭-૧૧-૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત નીચે દર્શાવેલ યુનિવર્સિટીઓને પણ સોંપવામાં આવેલ છે.

૧) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૨) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૫) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.

૬) ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM), અમદાવાદ.

આ ઉપરાંત નીચે દર્શાવેલ યુનિવર્સિટીઓને પણ આ અંગેની કામગીરી સોંપવામાં આવે છે.

૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

૨) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ.

જે ઉમેદવારો દ્વારા જીટીયુમાં પરીક્ષા આપવા માટે નોંધણી કરાવેલ છે, તે ઉમેદવારોની જીટીયુએ ઉક્ત યુનિવર્સિટીઓમાં ફાળવણી કરવાની રહેશે અને ત્યારબાદ ઉક્ત યુનિવર્સિટીઓ પોતાની રીતે ઉમેદવારોનું રજીસ્ટ્રેશન કરી શકશે. આ પરીક્ષાના આયોજન સંદર્ભે ઉપરોક્ત યુનિવર્સિટીઓએ જીટીયુ પાસેથી પરીક્ષાના સોફ્ટવેર તથા જરૂરી એવી અન્ય ટેકનીકલ સહાયતા મેળવવાની રહેશે. જેથી પરીક્ષાના આયોજન સંદર્ભે કોઇ પણ પ્રકારની ટેકનીકલ વિસંગતતા સર્જાય નહી. પરીક્ષાના સોફ્ટવેર ઉપરાંત જરૂર જણાયે યુનિવર્સિટીઓ દ્વારા થિયરી અને પ્રેક્ટીકલ પરીક્ષા પદ્ધતિ અંગેની જાણકારી પણ મેળવી લેવાની રહેશે. જેથી પરીક્ષાની પદ્ધતિમાં પણ એકસૂત્રતા જળવાઇ રહે. આ અંગે જીટીયુએ પણ ઉક્ત યુનિવર્સિટીઓને જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે. આ સિવાય પરીક્ષાના આયોજનનો સમયગાળો, પરિક્ષકોની નિયુક્તિ અને જરૂરી એવી માળખાગત સુવિધા અંગેના નિર્ણયો સંબંધિત યુનિવર્સિટી દ્વારા લેવાના રહેશે. ઉક્ત યુનિવર્સિટીઓએ પરીક્ષાના આયોજન, રજીસ્ટ્રેશન, ઉપસ્થિત ઉમેદવારો અને તેમના

પરિણામ અંગેની સંપૂર્ણ માસિક માહિતી નિયમિત રીતે સામાન્ય વહીવટ વિભાગને અચૂક મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતી પંડ્યા)
સંયુક્ત સચિવશ્રી(મ)
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
રજીસ્ટ્રારશ્રી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) , અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
<u>સિલેક્ટ ફાઈલ</u>

*પત્ર દ્વારા